કોઇ મૂર્ખ વ્યક્તિ માટે પુસ્તકો એટલા જ ઉપયોગી છે જેટલા પ્રજ્ઞાચક્ષુ માટે અરીસો
- ચાણક્ય


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૫૦ | ૫ માર્ચ, ૨૦૧૫, ગુરૂવાર ; ફાગણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





## કોલવડા આયુર્વેદિક હોસ્પિટલ દેશના આરોગ્ય ક્ષેત્રે નજરાણું બનશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના કોલવડા ખાતે બંધાઈ રહેલ આયુર્વૈદિક હોસ્પિટલ સમગ્ર દેશનું આરોગ્યતંત્રનું નજરાણું બની રહેશે તેમ આરોગ્ય રાજ્યમંત્રી શ્રી શંકરસિંહ ચૌધરીએ આજે વિધાનસભામાં જણાવ્યું હતું.

વેજલપુરના ધારાસભ્ય શ્રી કિશોરસિંહ ચૌહાણના એક પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, તા. ૩૧-૧૨-૨૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના પાછળ રૂ. ૧૫૫.૬૨ કરોડનો ખર્ચ થયો છે. આગામી વર્ષ-૨૦૧૫-૧૬ માં વહેલામાં વહેલી તકે આ હોસ્પિટલ ચાલુ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

આરોગ્ય રાજ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ૪૦૦ બેડની સુવિધા વાળી આ હોસ્પિટલ ૧૫ એકર જમીનમાં બંધાઈ રહી છે. અહીં પેરાલીસીસ, સાંધાના દુખાવા, હૃદયરોગ, ડાયાબીટીસ, મેદસ્વીપણુ જેવા રોગોની વિનામૂલ્યે સારવાર આપવામાં આવશે. આરોગ્ય વિષયક તાલીમ, આહાર માર્ગદર્શન કેન્દ્ર, વિદ્યાર્થીઓ માટે રહેવાની છાત્રાલય,

● અનુસંધાન પાન-૭ પર

### પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સદાય પ્રસન્નતા રેલાવતો ચહેરો,
આંખમાંથી ઝરતી અમી વર્ષા,
સહુને સુખી બનાવવાના અરમાન
સ્વજનો માટે ઘસાઈ છૂટવાની તત્પરતા
એવા આદરણીય સ્વ. અ.સૌ. જશોદાબેનના
દિવ્યા આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

પવિત્ર આત્માની અમર યાત્રા
તા. ૨૦-૨-૧૯૫૫ મહાવદ તેરશ મહા શિવરાત્રીથી
તા. ૧૬-૩-૨૦૧૪ ફાગણ સુદ પૂનમ હોળી સુધી

**સ્વ.અ.સૌ. જશોદાબેન બાબુલાલ સુથાર**

● ભજન સંધ્યા ●
તા. ૬-૩-૧૫, શુક્રવાર, રાત્રે : ૮-૦૦ કલાકે
કલાકાર : રમેશભાઈ પ્રજાપતિ (ભાણાભાઈ) પેથાપુર
સ્નેહી સ્વજનોને પધારવા હાર્દિક નિમંત્રણ
સ્થળ : E-401 રાધે ક્રિસ્ટલ ગાર્ડન, કુડાસણ

લિ.
બાબુલાલ જે. સુથાર અને સર્વે પરિવારજનો.
મો. ૯૮૨૫૩૬૦૮૨૩

ફર્મ : અર્ચના પ્રોવિઝન સ્ટોર્સ, બેંક ઓફ ઈન્ડિયા પાછળ, ઘ-૪ા, સે.-૧૬, ગાંધીનગર.







